

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

ઓક્ટોબર-૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

ઓક્ટોબર, ૨૦૨૪






## જળઝીલણી એકાદશી ઉત્સવ-૨૦૨૪













: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ આસો સુદ-૩, તા.૦૫/૧૦/૨૦૨૪ શનિવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## અનુક્રમણિકા


3 અખંડ સ્મરણનો પ્રતાપ
- પ.પૂ.શ્રીગુરુજી

4 નામ-સ્મરણથી શ્રીહરિનો સાક્ષાત્કાર
- પ.પૂ.શ્રીગુરુજી

6 સાવધાન !! બોમ્બ બ્લાસ્ટ થઈ રહ્યો છે...
- સાધુ ઈશ્વરચરણદાસ

8 ગુણગ્રાહિતા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 નિર્ગુણ દ્રવ્ય...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 સદ્ગુણ પણ દુર્ગુણ બની જાય ?
- સાધુ અનાદિસ્વરૂપદાસ

12 સત્સંગનો વિવેક
- સાધુ પ્રસન્નવદનદાસ

14 રાજીપાનો રૂઆબ
- સાધુ સંકીર્તનદાસ

16 જીવલેણ રોગ : અસદ્વાસના
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 Result
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

20 શરણાગતને પાળે સદા બહુનામી...
- સાધુ વર્ણિવેષદાસ

22 સત્સંગ સમાચાર



## સત્સંગ સુધા

લેતાં સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નર વામ રે;
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે.
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે;
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે.

# અખંડ સ્મરણનો પ્રતાપ

## કાવ્યકૃપા





અખંડ સ્મરણ કરે તે પર, રાજી થાય બહુ નાથ;
જ્ઞાન સુખ દુ:ખમાં તેનો, ઝાલી રાખે હરિ હાથ...૦૧

અખંડ સ્મરણ કરાય તો, દોષો ભાગી જ જાય;
જ્ઞાન દોષો જાય તો જ, હરિસુખ સતત પમાય...૦૨

જ્ઞાન ભાગ્યશાળીથી જ, અખંડ સ્મરણ થાય;
અખંડ સ્મરણ કરે તે તો, જીવતો મુક્ત ગણાય...૦૩

જ્ઞાન હરિસુખ પામવા, અખંડ સ્મરણ કરાય;
એથી રાજી થઇ વાલો, સુખ આપે છે ઘરાય...૦૪

હરિને વાલો બહુ લાગે, હરિનામ જપનાર;
નામ જપે તો થાય છે, જ્ઞાન હરિમાં પ્યાર...૦૫

વીંછી કરડ્યો હોય તો, આખી રાત જગાય;
તેમ ઊંઘ આળસ તજી, જ્ઞાન ભજો હરિરાય...૦૭

ગાફલાય ન જ રાખવી, જપવામાં હરિનામ;
જ્ઞાન નામ જપે તેનાં, હરિ કરે છે કામ...૦૮

જ્ઞાન ખબર નો'તી તેથી, થોડાં જ લીધાં નામ;
મહિમાની ખબર હોત તો, નામ લેત આઠું જામ...૦૯

સ્વામિનારાયણ નારાયણ, જપજો પ્રેમે સહિત;
જ્ઞાન આ લોકે પરલોકે, થાશે તમારું હિત...૧૦

જ્ઞાન જેણે કરવું હોય, નિજનું તરત કલ્યાણ;
તેણે સતત હરિ સમરવા, જાણી સુખની ખાણ...૧૧

સંતો મુક્તો અવતારો, સ્મરણનો મહિમા ગાય;
જ્ઞાન સ્મરણ જે કરે તે, અતિશે સુખી થાય...૧૨

રાજી થઇને મહારાજે, આપ્યું પોતાનું નામ;
સ્વામિનારાયણ જપજો, જ્ઞાન કરીશ તવ કામ...૧૩

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૮૦, અષાઢ સુદ-૧૧ તા.૧૭/૦૭/૨૦૨૪, કુંડળધામ

કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...



# નામ-સ્મરણથી શ્રીહરિનો સાક્ષાત્કાર

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર-૧૫ તરંગ-૯૯માં એક વાત આવે છે.

ગઢપુરથી એક વખત મહારાજે શુકમુનિ પાસે સંતો-હરિભક્તો પ્રતિ એક પત્ર લખાવ્યો હતો. એમાં એકાદશીનું જાગરણ કેમ કરવું ? એ વિશે વાત લખી હતી. આ પત્રમાં શ્રીહરિએ એક એવી વાત લખાવી કે, જે ભક્તજન ભજન-સ્મરણ કરશે તેને ભગવાન પ્રગટ દર્શન આપશે. તેને સાક્ષાત્ પરમાત્મા મળશે. આ વાતને પુષ્ટિ આપે એવી એક અદ્ભુત કથા સદ્ગુરુ ગાથા ભાગ-૨માં પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી-છારોડીવાળાએ એમના ગુરુના ગુરુની લખી છે.

૧૯૫૮ની સાલમાં જૂનાગઢના સંત ગોપીનાથજી પુરાણી ઉપેલટા ગામમાં પધાર્યા હતા. એક દિવસ સ્વામી મંદિરમાં કથા કરી રહ્યા હતા. અને ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરવાં હોય તે ભક્તને તત્પરતા કેવી હોવી જોઈએ ? તે અંગે ભાવવાહી કથા શ્રોતાજનો સાંભળી રહ્યા હતા.

એમાંના એક ઉપલેટા ગામની શાળાના પ્રિન્સિપાલ ભાઈશંકરભાઈને આ વાત અંતરમાં ઊતરી ગઈ. એમને મનમાં એમ થયું કે, હવે જો પરમાત્માનાં સાક્ષાત્કાર દર્શન ન થાય તો આ જીવનનો કોઈ અર્થ નથી, એટલે જિજ્ઞાસાથી સ્વામીને પ્રાર્થના કરી કે, “સ્વામી, કૃપા કરીને પરમાત્માનાં સાક્ષાત્ દર્શન થાય એવો મને ઉપાય બતાવો ને.”

ગોપીનાથજી પુરાણી અતિ પ્રવિત્ર અને નિર્દંભી સંત હતા. શ્રીહરિનાં પ્રગટ દર્શન માટેની શ્રોતાની આતુરતા જોઈને પુરાણી સ્વામી ઊંડા ઊતરી ગયા. એમના મનમાં એમ થયું કે, ‘જ્યાં સુધી મને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યાં સુધી મારાથી આ પ્રશ્નનો યથાર્થ જવાબ કઈ રીતે આપી શકાય ? મારે ખુદને તો હરિદર્શનની પ્યાસ હોવી જ જોઈએ.’

પછી પુરાણી સ્વામીએ કહ્યું, “ભાઈશંકર ! **શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ હોય તો શ્રીહરિ અવશ્ય દર્શન આપે છે;** પરંતુ આ અંગેની વિશેષ ચર્ચા આપણે પછી કરીશું.”

સ્વામીએ મોટા સંતો પાસેથી એવું સાંભળેલું કે, ‘જો કોઈ ખરા દિલથી ખાધા-પીધા વિના ત્રણ દિવસ અને ત્રણ રાત શ્રીહરિનું અખંડ સ્મરણ કરે, ભગવાનમાં અખંડવૃત્તિ રાખે, અખંડ ભજન કરે; તો મહારાજ એને પ્રત્યક્ષ દર્શન આપે છે.’ આથી સ્વામીએ મોટા સંતોના વચનને વિશ્વાસપૂર્વક પ્રયોગમાં મૂકી, શ્રીહરિનો સાક્ષાત્કાર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો.

એક દિવસ નક્કી કરી, નિર્જળા ઉપવાસ કરી, મંદિરના નાનકડા એકાંત ઓરડામાં મહારાજની મૂર્તિ પધરાવી અને મૂર્તિ આગળ બેસી ગયા, ધ્યાનસ્થ થયા અને અખંડ એકતાર સ્વામિનારાયણ...સ્વામિનારાયણ સ્મરણ ચાલુ કર્યું, અને આશ્ચર્ય થયું.

બીજા દિવસની વહેલી સવારનો સમય હતો. ઓરડીમાં અચાનક તેજ..તેજ..તેજ થઈ ગયું. તે તેજમાં ભગવાન શ્રીહરિની કિશોર મૂર્તિ મંદમંદ હસતી હસતી એમની સામે પ્રગટ થઈ. પુરાણી સ્વામી સામે પ્રેમભરી દૃષ્ટિથી શ્રીહરિ મંદમંદ હસી રહ્યા હતા. આ અદ્ભુત મૂર્તિનાં દર્શનથી પુરાણી સ્વામીના અંતરમાં અત્યંત આનંદ થયો. હૃદય ગદ્ગદ થઈ ગયું, નેહથી આંખમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી અને તેઓ પ્રગટ થયેલા

પુરુષોત્તમ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા. થોડીવારમાં શ્રીહરિ એમની નજર સમક્ષથી અદૃશ્ય થઈ ગયા.

આ રીતે શ્રીજીમહારાજના સાક્ષાત્કારથી પુરાણી સ્વામી ભારે ધન્યતા અનુભવવા લાગ્યા, પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા અને અનુષ્ઠાન પૂરું કર્યું.

શ્રીહરિના સાક્ષાત્કારને લીધે પુરાણી સ્વામીનું મુખારવિંદ અત્યંત દેદીપ્યમાન બની ગયું. એમના રોમેરોમમાંથી શ્રીહરિની દિવ્ય અનુભૂતિનો આનંદ નીતરી રહ્યો હતો. એમની તીવ્ર શ્રદ્ધા અને ભગવાન પ્રત્યેના પ્રેમને લીધે મોટા સંતોએ બતાવેલો પ્રયોગ, ધાર્યા કરતાં ટૂંક સમયમાં સફળ નીવડ્યો.

આ તરફ ભાઈશંકરભાઈના અંતરમાં શ્રીહરિના સાક્ષાત્કારની પ્યાસ ભારે બળવત્તર બની રહી હતી. સ્વામીનું અનુષ્ઠાન પૂર્ણ થયાનું જાણી તેઓ મંદિરે આવ્યા. બે હાથ જોડીને કહ્યું, “સ્વામી, હવે કરુણા કરીને મને જલ્દી શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય તેવો ઉપાય બતાવવા મારા ઉપર કૃપા કરો.”

ત્યારે સ્વામીએ કહ્યું કે, “તમે શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમથી ત્રણ દિવસ અને ત્રણ રાત્રી, ખાધા-પીધા વિના મહારાજનું ભજન કરો. મહારાજ તમને પ્રત્યક્ષ દર્શન આપશે; આ અનુભવસિદ્ધ વાત છે.”

એક સદ્‌ગુરુના વચનમાં પાકો વિશ્વાસ રાખી એ પોતાને ઘેર ગયા અને એકાંત ઓરડામાં શ્રીહરિની મૂર્તિ પધરાવી, ઘીનો દીવો કરી, હાથમાં જપમાળા લઈને સ્વામિનારાયણ મહામંત્રનું એકતાર ભજન કરવા માંડ્યા.

શિષ્યની ઉત્કૃષ્ઠ શ્રદ્ધાની વાત જાણીને પુરાણી સ્વામી અત્યંત રાજી થયા અને મહારાજને દર્શન દેવા પ્રાર્થના કરી. એક સદ્‌ગુરુ સંતની પ્રાર્થના, બીજું શિષ્યનાં શ્રદ્ધા, પ્રેમ, તત્પરતા, ભજનનો અને ભગવાનને પામવાનો વેગ અને ત્રીજું સ્વામિનારાયણ મહામંત્રનું અખંડ રટણ; આ ત્રણ બાબતને લઈને ભાઈશંકરભાઈને ત્રણ દિવસ અને ત્રણ રાત્રી ભજનમાં કોઈ તકલીફ પડી નહિ અને આનંદથી ભજન થયું. ચોથા દિવસની વહેલી સવારે શ્રીહરિએ એમને સાક્ષાત્ દર્શન દીધાં. એ કૃતાર્થ થયા અને અત્યંત ભાવવિભોર બની શ્રીજીમહારાજને માંડ્યા દંડવત કરવા.

આ સ્વપ્નું નહિ પણ સત્ય ઘટના છે; એની ખાત્રી કરાવવા ભગવાન સ્વામિનારાયણે મંદમંદ હસતા ભાઈશંકરભાઈને એમ કહ્યું, “તમે પુરાણી ગોપીનાથજીને કહેજો કે, તેઓ તત્કાળ ઉપલેટાથી નીકળી ગોંડલ જાય. ગોંડલમાં બ્રહ્મચારી શાંતાનંદજીને આજે રાત્રે બાર વાગ્યે અમે અમારા ધામમાં તેડી જઈશું.” એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શન પામીને ભાઈશંકરભાઈ પૂજા-પાઠમાંથી પરવારીને ઝડપથી મંદિરમાં આવ્યા અને પુરાણી સ્વામીને દંડવત કરવા માંડ્યા. હેતનાં આંસુડાં આંખોમાંથી ચાલ્યાં જાય છે. પુરાણી સ્વામીએ એમની સામે દૃષ્ટિ કરી અને એમના મુખની આભા જોઈને જ સમજી ગયા કે, ભાઈશંકરને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થઈ ચૂક્યાં છે. ભાઈશંકરભાઈ કહે, “મારો મનોરથ પૂરો થયો. આપની કૃપાથી મને આજે વહેલી સવારે પ્રાણપ્યારા શ્રીજીમહારાજનાં સાક્ષાત્ દર્શન થયાં છે.” ત્યારે પુરાણી સ્વામીએ અંતર્યામી ભાવથી પૂછ્યું, “મહારાજે મારા માટે કાંઈ સંદેશ કહ્યો છે ?” “હા સ્વામી, મહારાજે તમને તત્કાળ ગોંડલ જવા કહ્યું છે. મહારાજ આજે રાત્રે બ્રહ્મચારી શાંતાનંદજીને ધામમાં તેડી જશે.”

આ વાત સાંભળી દેવપ્રસાદ સ્વામીને જોડમાં લઈને પુરાણી સ્વામી તત્કાળ ઉપલેટાથી ગોંડલ જવા રવાના થયા. ત્યાં રાતના બાર વાગ્યે મહારાજ શાંતાનંદ બ્રહ્મચારીને તેડી ગયા. આવો છે આ પ્રગટ પુરુષોત્તમનારાયણનો સંપ્રદાય !

**ઉપાય તો બધાય ગ્રંથોમાં લખ્યા હોય, સંતોએ કહ્યા હોય, આપણે સાંભળ્યા પણ હોય; પરંતુ એવા ઉપાય આપણે કરીએ એટલી આપણામાં તીવ્રતા, તત્પરતા, વેગ, શ્રદ્ધા, પ્રેમ કે પ્રભુ પામ્યાની ભૂખ હોય તો ને !**

વહાલા ભક્તો ! આપણે પણ આવો પ્રભુપ્રેમ કેળવીએ. તે માટે મહિમા વધારીએ, મહિમા માટે પ્રભુપ્રેમી સંતનો સેવા-સમાગમ કરી રાજીપો રળીએ તો અખંડ ભજનસ્મરણ થાય. જો એવું તીવ્ર શ્રદ્ધાથી સ્મરણ કરતા રહીએ તો મહારાજ જલ્દી રાજી થાય અને તેમનો અખંડ અનુભવ આપે.





# સાવધાન !!
# બોમ્બ બ્લાસ્ટ થઈ રહ્યો છે...

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

થોડા સમય પહેલાં કોઈ દેશમાં હજારો પેજર ફાટ્યા અને સેંકડો લોકો ઘાયલ થયા, કેટલાક મૃત્યુ પણ પામ્યા. આખા દેશમાં અફરા-તફરી થઈ ગઈ. માનો હવે આપણા સહુના મોબાઈલ ફોનમાં આવો જ પ્રચંડ બ્લાસ્ટ થાય તો ?

વહાલા ભક્તો ! હાલ નેટ-મોબાઈલ દ્વારા દરરોજ કરોડો બ્લાસ્ટ થઈ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં બળાત્કાર, ફ્રોડ, ચોરી-લૂંટફાટ અને ખૂન-ખરાબાનો કહેર વર્તાઈ રહ્યો છે. અરે ! નાની બાળકીઓથી લઈ સગી મા-બહેન સાથેના અભદ્ર બનાવોરૂપી બ્લાસ્ટ દિવસે દિવસે વધી રહ્યા છે. નાના બાળકોથી માંડી વૃદ્ધો સુધીની જિંદગી બરબાદ થઈ રહી છે. આ બધાનું મૂળ કારણ છે : નેટ/મોબાઈલ/સોશ્યલ મીડિયાનો મિસયુઝ. તેમાં ખરાબ જોવું-સાંભળવું. અંતરમાં પડેલી બધી વાસના કે ગંદી જિજ્ઞાસાવૃત્તિને વશ થઈ વિવેક વિના ખરાબ જોવું-સાંભળવું. સાર-અસારનો વિવેક જાળવ્યા વિના ન કરવાનું કરવું. આ પ્રોબ્લેમ બિનસત્સંગીમાં જ હોય એમ માનવામાં કોઈ વજૂદ નથી. સત્સંગી કે સાધુ પણ જો મિસયુઝ કરે તો નુકશાન થાય જ છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે આ બાબતની આગાહી ૨૦૦ વર્ષ પહેલા આપી છે. પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ?? (વચ.પ્ર.૧૮)

વહાલા ભક્તો ! આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિએ આ વોર્નિંગ આપણને બચાવવા માટે જ આપી છે. જો આપણે સાવધાન થઈ સુધારો નહિ કરીએ તો કુસંગીની જેમ આપણે પણ અવશ્ય ધર્મભ્રષ્ટ થઈશું. પછી જમપુરી ને લખચોરાશીમાં ભટકવા અને પીડાવા જવું પડશે. જો એનાથી બચવું જ હોય તો અયોગ્ય જોવા-સાંભળવાનું સંપૂર્ણપણે બંધ કરવું જ પડશે. એ બધું ખરાબ જોતા-સાંભળતા રહીશું તો તો આપણું અધઃપતન થવાનું જ છે. કેમ જે, અગ્નિ કે વીજળીને હાથમાં લઈએ તો દાઝ્યા કે મર્યા વિના છૂટકો જ નથી ! એટલે આપણા ઇષ્ટદેવે વચનામૃતમાં ગીતાજીના આ શ્લોક સંભળાવી આપણને ચેતવ્યા છે.

**ध्यायतो विषयान् पुंसःसङ्गस्तेषूपजायते ।**
**सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥**
**क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशात् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

અયોગ્ય વિષયોને જોવા-સાંભળ્યા કે ચિંતવ્યા કરીએ તો તેમાં આસક્તિ થઈ જાય છે. પછી રહેવાય જ નહિ એવું તેનું વ્યસન-બંધન થઈ જાય છે; એટલે પછી તેને પ્રાપ્ત કરવાના પ્રેક્ટિકલ પ્રયાસો શરૂ થઈ જાય છે. જો તેમાં કોઈ આડા આવે તો તે ગમે તે હોય પણ તેના ઉપર ભયંકર ગુસ્સો આવે છે.

ક્રોધ વધી જાય એટલે મોહ પણ વધી જાય છે. પછી મારે આ કરાય કે ન કરાય એવો વિવેક

ખતમ થઈ જાય છે. એટલે કે, આપણે સાધુ કે સત્સંગી છીએ, મારે આ જન્મે આજ્ઞા લોપવી જ નથી; એ સ્મૃતિનો નાશ થઈ જાય છે. પછી ભગવાનને પામવાની જે બુદ્ધિ હોય તે કુશાગ્રબુદ્ધિનો જ નાશ થઈ જાય છે. એટલે છેવટે આપણો પોતાનો જ વિનાશ થઈ જાય છે.




આ અધોગતિની આખી સીરિયલનો આરંભ મોબાઈલના મિસયુઝથી થાય છે. જો ત્યાંથી અટકાવી દઈએ તો બીજા દુઃખમાં પડવું જ ન પડે.

**નેટ-મોબાઈલના મિસયુઝથી બચવું જ હોય તો આટલા ઉપાયો કરવા જરૂરી છે :-**

૧. મારા ઇષ્ટદેવ તથા મારા ગુરુદેવ નારાજ થાય એવું મારે કાંઈ જ કરવું નથી.

૨. નરકમાં નાખે એવા મનને ખુશ કરવા અક્ષરધામ આપે એવા મારા ગુરુજી તથા વાલા સંતોને ચિંતા કરાવું તો મારા જેવો કૃતઘ્ની બીજો કોણ ? માટે એવું કદી નહિ કરું.

3. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ જેવા બિનજરૂરી બધા સોશિયલ મીડિયાના અકાઉંટ ડીલીટ કરી દેવા, જેટલું જરૂરી છે તેનો પણ સમય ફિક્સ કરી દેવો.

૪. ખરાબ કાંઈ ખૂલે જ નહિ તેવી સિસ્ટમ વસાવવી.

૫. આપણે નેટ વાપરીએ તેને બીજા જોઈ શકે એવી કાસ્પર સ્કાય/ગુગલ ફેમિલિ એપ ઇન્સ્ટોલ કરી તેનો કંટ્રોલ આપણને બચાવે તેવા કોઈ મોટાને આપી રાખવો.

૬. મનને ગમે અને મહારાજ તથા મોટાનો રાજીપો મળે એવી સેવા, સત્સંગ-ભજન વગેરે ક્રિયામાં મનને ઘૂંચવી મેલવું. નવરા રહેવું જ નહીં.

૭. પોતાની રીતે આ બધી બાબતોમાંથી બચવાના ઉપાયો કરવામાં આપણું મન આપણને છેતરી શકે છે. માટે આપણું હિત કરી શકે તેવા એક સક્ષમ મોટાને ૧૦૦% સાચો રીપોર્ટ નિયમિત આપતા રહેવું. તેમાં લાજ-શરમ કે માનને આડાં આવવા દેવાં નહીં.

૮. આપણાં બાળકો કે નાના ભાઈ-બહેનોને તેની લત લાગી ન જાય એવી ખાસ સાવધાની રાખવી. તેને સમય ફાળવવો. બીજી પ્રવૃત્તિ કે સેવા-સત્સંગમાં જોડી દેવાં.

૯. યુટ્યુબ/રીલ્સ/શોર્ટ વિડિયોમાં પોતાનો વધુ પડતો સમય ન બગાડતા ભગવાન સંબંધી હરિગેમ જેવી એપમાં મનને ડાયવર્ટ કરી શકાય.

૧૦. કથા, ચેષ્ટા કે રાસ જેવા વિડિયો પણ એમને બતાવવા, જેથી બીજું જોવામાં તેને ફોનની ટેવ ન પડે.

૧૧. જે આ કુટેવથી બચી શક્યા હોય તેના અનુભવો અને ઉપાયો જાણતા રહેવું. ●●●



# ગુણગ્રાહિતા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ     ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક નાનકડું ગામડું હતું. તે ગામમાં એક ખેડૂત રહેતો હતો. તે ખૂબ જ બુદ્ધિશાળી અને મહેનતુ હતો. તેણે એક કૂતરો પાળ્યો હતો. પોતાના પાળેલા કૂતરાને ખેડૂતે મહા મહેનતે ખૂબ જ સારી તાલીમ આપીને પાણી પર ચાલતા શીખવ્યું. કૂતરો ખૂબ જ અદ્‌ભુત રીતે પાણી ઉપર ચાલી શકતો હતો. ખેડૂતે વિચાર્યું કે મારા કૂતરાની આ અનોખી આવડતની વિડિઓ ક્લીપ બનાવું અને દુનિયા સમક્ષ કૂતરાની આ અદ્‌ભુત શક્તિને ઉજાગર કરું, જેથી સહુને જાણ થાય કે તાલીમ આપીને એક પશુ પાસેથી પણ કેવાં અનોખાં કાર્યો કરાવી શકાય છે..!

તેણે પોતાના એક મિત્રને કહ્યું, 'તું તારો વિડિઓ-કેમેરા લઈને આવ. મારે એક અદ્‌ભુત વિડિઓ ક્લીપ બનાવીને તને અને વિડિઓ ક્લીપ જોનારાને મારા કૂતરાની એક વિશેષતા બતાવવી છે, અને તારે એનું શૂટિંગ કરવાનું છે.'

પેલો મિત્ર પોતાનો વિડિઓ-કેમેરો લઈને આવ્યો. ખેડૂત પોતાના કૂતરાને અને મિત્રને લઈને નદીને કિનારે ગયો. ખેડૂત પોતાની સાથે એક દડો લાવ્યો હતો, તે દડાને તેણે નદીના પાણીમાં દૂર ફેંક્યો અને પછી મિત્રને કહ્યું, 'હવે તું તારા વિડિઓ-કેમેરાથી શૂટિંગ કર અને મારા આ કૂતરાની અદ્‌ભુત શક્તિની વિશેષતા જો.'

ખેડૂતે પોતાના કૂતરાને દડો લાવી આપવા માટે આદેશ કર્યો, એટલે તરત જ કૂતરો તો પાણી પર ચાલતાં ચાલતાં દડા સુધી ગયો અને પોતાના મોઢામાં દડો પકડીને પાણી પર ચાલતાં ચાલતાં જ પાછો આવ્યો.

વિડિઓ-કેમેરાવાળા મિત્રે તો પોતાની વિશેષતાના કેફમાં ખુશ થઈને ખેડૂતને કહ્યું, 'મેં ખૂબ જ સરસ શૂટિંગ ઉતારી લીધું છે, જોઈને જ તું ખૂબ જ ખુશ થઈ જઈશ. મારી શૂટિંગની કળા તને ખૂબ જ ગમશે.'

આ સમગ્ર ઘટના દરમ્યાન પેલો ખેડૂત એના વિડિઓવાળા આ મિત્ર સામે જોઈ રહ્યો, પરંતુ મિત્રના ચહેરા પર કોઈ આશ્ચર્ય ન દેખાયું; એટલે એનાથી ના રહેવાયું. ખેડૂતે પોતાના મિત્રને પૂછ્યું, 'દોસ્ત, તેં શું જોયું, તને મારા કૂતરાની કોઈ વિશેષતા દેખાઈ કે નહીં ?'

પેલા મિત્રએ જવાબ આપ્યો, 'મેં જોયું કે તારા કૂતરાને પાણીમાં તરતા આવડતું નથી તેથી તે ચાલીને પાણીમાં અવર-જવર કરતો હતો.'

વહાલા ભક્તો ! આપણે આવું જ કરીએ છીએ. સામેવાળાને જે બતાવવું છે તે નહિ, પરંતુ આપણે જે જોવું છે તે જ આપણે જોઈએ છીએ અને પરિણામે ગેરસમજણ ઊભી થાય છે; જે સંબંધોને કોરી ખાય છે.

આપણી મોટામાં મોટી એ જ નબળાઈ છે કે આપણે આપણી વિશેષતાથી એટલા બધા પ્રભાવિત થયેલા હોઈએ છીએ કે જેથી બીજાના ગુણો કે ખૂબીઓ તરફ આપણે દૃષ્ટિ નાખતા જ નથી. આપણી આ સ્વકેન્દ્રિતવૃત્તિ જ આપણને જીવનમાં આગળ વધવામાં મોટું નડતર બને છે. બીજામાં અપાર ગુણો રહેલા હોય છે, પરંતુ આપણને આપણી આ સ્વકેન્દ્રિતવૃત્તિને લઈને તેનો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી.

યાદ રાખો ! જેને પોતાનું જીવન ખૂબ જ ગુણમય બનાવીને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવું છે, તેણે પૂ.ગુરુજીના 'ગુણ ગોતો, ખૂબી ખોળો' આ સૂત્રનો જીવનમાં અવશ્ય અમલ કરવો પડશે. ●●●



# નિર્ગુણ દ્રવ્ય...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગામ રોહિશાળામાં લક્ષ્મીરામ કરીને એક બ્રાહ્મણ શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા. તેમની વહેવારિક પરિસ્થિતિ બહુ સારી ન હતી, પણ શ્રીહરિ અને સંતોમાં ભાવ ખૂબ હતો.

શ્રીજીમહારાજે જ્યારે ડભાણમાં બહુ મોટો યજ્ઞ કર્યો, ત્યારે મહારાજે કંકોત્રીઓ લખીને ગામોગામ ભક્તોને આમંત્રણ આપેલું. તેથી લક્ષ્મીરામભાઈ પણ ડભાણ જવા તૈયાર થયા, પરંતુ પૈસાની સગવડ હતી નહીં. તેથી ગામમાં તેમનો એક મિત્ર હાજો ભરવાડ હતો તેમને એણે કહ્યું કે - "હાજા ! મારે ડભાણ યજ્ઞમાં જવું છે, તો તું મને કાંઈક મદદ કરીશ ?" હાજો કહે - "મારી પાસે બીજું તો કાંઇ નથી, પણ મારી ઘરવાળીનાં રૂપાનાં કડલાં છે, તે કહે તો આપું."


પછી લક્ષ્મીરામભાઈએ તેના મિત્ર હાજા પાસેથી રૂપાનાં કડલાં લીધાં ને તે ગામમાં આણંદજીભાઈ કોઠારી હતા તેમને ત્યાં ગીરવે મૂકીને તેના સાત રૂપિયા લીધા. પછી તેઓ ડભાણ યજ્ઞનો લાભ લેવા ગયા.

આ બાજુ ડભાણમાં યજ્ઞ ચાલતો હતો. મહારાજ સભા ભરીને બધા ભક્તોને વાતો કરી રહ્યા હતા. લક્ષ્મીરામભાઈ ત્યાં આવ્યા અને શ્રીજીમહારાજને દંડવત કરીને પગે લાગ્યા ને સાત રૂપિયા લાવ્યા હતા તે બધા શ્રીહરિના ચરણમાં ભેટ મૂકી દીધા. મહારાજે તે રૂપિયા હાથમાં લઈને ઉછાળ્યા અને બોલ્યા : "આ બ્રાહ્મણનાં નિર્ગુણ દ્રવ્ય આવ્યાં, તેથી ડભાણનો યજ્ઞ પૂરો થઈ રહ્યો." આમ, મહારાજ તેમનો સમર્પણભાવ જોઈને ખૂબ રાજી થયા.

પછી તો યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યાં સુધી લક્ષ્મીરામ ડભાણ રહ્યા. યજ્ઞ પૂરો થયો એટલે મહારાજની રજા લઈને તેમના ઘેર રોહિશાળા આવ્યા. ઘેર આવીને લક્ષ્મીરામભાઈએ સૌ પ્રથમ આણંદજીભાઈ કોઠારીને ચાંદલો કર્યો, એટલે આણંદજીભાઈએ દક્ષિણા રૂપે એક રૂપિયો લક્ષ્મીરામભાઈને ભેટ આપ્યો.

શ્રીજીમહારાજની પ્રેરણાથી લક્ષ્મીરામભાઈએ તે એક રૂપિયાનાં મરચાનાં બી લીધાં અને તેનો હવેજ(મસાલો) કરીને વેચ્યો. તેમાંથી નફો થયો. તેમાંથી વળી બીજો વેપાર કર્યો; એમ વેપાર કરતાં કરતાં શ્રીહરિની કૃપાથી સાઈઠ હજાર રૂપિયાના આસામી થયા. પછી તો તેમણે ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની ઘણી સેવા કરીને મહારાજનો રાજીપો લીધેલો.

વહાલા ભક્તો ! લક્ષ્મીરામભાઈને એવો કોઈ સંકલ્પ ન હતો કે, હું મહારાજે ભેટ આપીશ એટલે મહારાજ વળતરમાં મને કાંઈક આપશે. વળી, એમને એ પણ વિચાર ન હતો કે હું કડલાં ગીરવે મૂકીને પૈસા લાવ્યો છું ને બધા મહારાજને આપી દઈશ તો પછી હું શું કરીશ ? બસ, એમના અંતરમાં તો મહારાજને રાજી કરવાનો શુદ્ધ ભાવ હતો. એમના આ સમર્પણભાવથી જ મહારાજ રાજી રાજી થઈ ગયા. અને ભગવાન જેના પર રાજી થાય તેનાં કામ કેમ ન થાય ? થાય જ. બસ જરૂર છે શ્રદ્ધા અને શુદ્ધ ભાવની. ●●●



# સદ્ગુણ પણ દુર્ગુણ બની જાય ?

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સુરતમાં નાના શેઠ ઘણા પાકા હરિભક્ત હતા. એક સમયે સ્વરૂપાનંદ સ્વામી આદિક મોટેરા સંતો સુરતમાં રહ્યા હતા. તે બધા બીમાર પડ્યા ત્યારે તે નાના શેઠે તે સંતોની સેવા મન, કર્મ, વચનથી અને સાચા દિલથી કરી. તેમની સેવા અને નિખાલસ સ્વભાવથી શ્રીહરિ તથા સંતો તેમના ઉપર વારંવાર રાજી થતા હતા. સંતોના રાજીપાથી તેઓ સત્સંગની વાતો કરવાનું શીખી ગયા અને બીજા પણ સારા ગુણો તેમનામાં આવ્યા. તેથી તેઓ સત્સંગમાં મોટેરા, પ્રતિષ્ઠિત ને આદરણીય થયા.

પરંતુ સમય જતા બાજી પલટાણી. પ્રથમ તો તેઓ શ્રીહરિ અને સંતોને મહાન માનીને તેમને રાજી કરવાના તાનથી સેવા કરતા હતા, ને સત્સંગની વાતો કરતા હતા; પરંતુ મોટાઇ મળતાં રાજીપો મેળવવાનું તાન છૂટી ગયું, ને સદ્ગુણોથી મળતા માનનો સ્વાદ માણવા લાગ્યા, પોતાને ડાહ્યા, મહાન ને સદ્ગુણી માનવા લાગ્યા; ને જે સંતોની સેવા કરી હતી, તેમને બુદ્ધિરહિત માનીને તેમનો દોષ લેવા લાગ્યા. હરિભક્તોને પણ પોતાનાથી તુચ્છ માનવા લાવ્યા અને તેમની સામે ક્રોધ કરવા લાગ્યા. આમ સદ્ગુણોનો હેતુ બદલાતા તે જ સદ્ગુણોએ તે શેઠની માઠી દશા કરી નાખી.

ઋષભદેવના પુત્ર જડભરતજીએ સમગ્ર પૃથ્વીના રાજ્યનો ત્યાગ કર્યો અને વનમાં તપ ને ભજન કરવા ગયા. ત્યાં ગંડકી નદીમાં ડૂબી રહેલ એક હરણના બચ્ચાને દયા કરીને બચાવ્યું. પછી તે બચ્ચામાં અતિ હેત થયું ને તેના કારણે મૃગનો અવતાર આવ્યો. વહાલા ભક્તો ! દયા તો બહુ મોટો સદ્ગુણ કહેવાય, પણ ભરતજીની દયા મર્યાદા ચૂકી ગઈ, ને તેમને ભગવાનને પામવાના માર્ગેથી પાડીને મૃગ બનાવી દીધા.

એકવાર ગઢડામાં પાણાનાં ગાડાં આવ્યાં, ત્યારે શ્રીજીમહારાજે સંતોને પાણા ઉતારવા માટે બોલાવ્યા, ત્યારે બધા સંતો આવ્યા; પરંતુ એક સંતને ભજનનું તાન હોવાથી માળા ફેરવવા માટે બેસી રહ્યા. તે મહારાજને ગમ્યું નહીં. વહાલા ભક્તો ! કરી કરીને જે કરવાનું છે, અને જે ખુદ ભગવાનને બહુ ગમે છે, તે ભજન પણ વિવેક વિના ભગવાનને રાજી કરવાને બદલે કુરાજી કરવાનું કારણ બની ગયું.

અલૈયા ખાચર દૃઢ બ્રહ્મચર્ય પાળતા અને ઘણા લોકોને સત્સંગ કરાવતા હતા, પરંતુ તે બધું શુદ્ધ ભગવાનને રાજી કરવાના હેતુથી નો'તું થતું, ભેગું છૂપું શેતાન માન પણ કામ કરતું હતું, તેથી જ્યારે શ્રીજીમહારાજે તેમનું જરા માન મોડ્યું, ત્યારે પુરુષોત્તમનારાયણ એવા મહારાજનો પણ અભાવ આવ્યો, ને તે સદ્ગુણોએ તેમને માની બનાવીને સત્સંગમાંથી એવા પાછા પાડ્યા કે શ્રીજીમહારાજ ધામમાં ગયા ત્યાં સુધી સત્સંગમાં પાછા ન આવી શક્યા.

વહાલા ભક્તો ! સદ્ગુણ એટલે સારી, શુભ

અને કલ્યાણકારી વૃત્તિ કે જે મનુષ્યને ભગવાન અને તેમના સંતોનું ગમતું કરાવે, તેમનો રાજીપો અને આશીર્વાદ અપાવે અને ભગવાન તરફ લઈ જાય, પરંતુ એનો એ જ સદ્‌ગુણનો ઉપયોગ જો ક્રેડિટ કમાવવા, ધન કમાવવા, મનધાર્યું કરવા કે વિષય ભોગવવા થાય, ભગવાન કે સંતો-ભક્તો સિવાય બીજાને રાજી કરવા ઉપયોગમાં લેવાય, તો તેનો તે જ સદ્‌ગુણ કલ્યાણના માર્ગેથી પાડીને સંસારમાં જ ભટકાવનારો દુર્ગુણ બની જાય છે. અને આ વાત બહુ કોમ્પ્લિકેટેડ છે. કેમ કે, એકનો એક ગુણ અમુક સમયે સદ્‌ગુણ તો અમુક સમયે દુર્ગુણ બની જાય છે; અમુક જગ્યાએ સદ્‌ગુણ તો અમુક જગ્યાએ દુર્ગુણ બની જાય છે; વળી, અમુક મર્યાદામાં સદ્‌ગુણ અને તે મર્યાદા ઓળંગતાં દુર્ગુણ બની જાય; તો વળી ક્યારેક સદ્‌ગુણના ઓથે પણ દુર્ગુણ રહે છે.

પંચાળાના પાંચમા વચનામૃતમાં શ્રીજીમહારાજે જે સત્સંગનો દ્રોહી હોય, પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય; તેની આગળ તો નિર્માની થયા વિના તીખા બાણ જેવું વચન મારવાનું કહ્યું છે. કારણ કે, તેમ ન કરીએ તો આપણે પણ તેના શબ્દો સાંભળીને ધીરેધીરે તેના જેવા થઈ જઈએ. આમ, એક જ મોટો સદ્‌ગુણ નિર્માનીપણું સત્સંગથી વિમુખ થયેલ આગળ રાખવાથી તે દુર્ગુણ બની જાય છે.

જે ગુણ ભગવાન અને તેમને વહાલા એવા સાચા સંતો-ભક્તોને સુખરૂપ થાય, તેમનો રાજીપો ને આશીર્વાદ અપાવે, તેમનામાં હેત-વિશ્વાસ વધારે અને કલ્યાણના માર્ગે આગળ વધારે તે જ વાસ્તવમાં સદ્‌ગુણ છે; આ સિવાયના તો સદ્‌ગુણો હોય તોપણ તે દુર્ગુણો જ છે; એટલે જ સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે,

**જ્યાં લગી પિયુડો હસી ન બોલાવે ત્યાં લગી આભૂષણ સર્વે ડેરો.**

વળી, શ્રીમત્સંગિજીવનમાં સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ કહેલ છે કે,

यदि रतिः सुदृढा न हरौ भवेद्गुणगणैरपरैर्निभृतैश्च किम् ।
यदि च सा भवतीह तदाऽपरैरनुदितैरुदितैरपि किं फलम् ॥

(સ.જી. ૨/૫૧/૪૧)

ભજન, સેવા, તપ વગેરે કરવા રૂપ ઘણા બધા ગુણો કેળવ્યા હોય પણ તેથી શ્રીહરિમાં દૃઢ પ્રેમ ન થાય, તો તે ગુણોનો શો અર્થ ? કાંઈ નહીં. તેમ જ, જો શ્રીહરિમાં દૃઢ પ્રેમ થઈ ગયો, તો બીજા ગુણ આવ્યા, તોય શું ને ન આવ્યા તોય શું ? કારણ કે, ભગવાનમાં દૃઢ પ્રેમ થાય તો બીજા કલ્યાણકારી ગુણો આપોઆપ આવી જ જાય છે.

શ્રીહરિચરિત્રામૃતસાગરમાં કહેલ છે કે,

**तुमारो गमतो करना जोउ,**
**एहि संत के गुन हे सोउ ।**
**ओर संत के गुन हे जेते,**
**जिय कु मोह करावन तेते ॥**

(હ.ચ.સા. ૭/૧૩/૩૦)

વહાલા ભક્તો ! જેમ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન સ્વાસ્થ્ય, બળ અને સુખ આપનારું છે, પરંતુ તે જો ક્યારે, કેટલું અને કેવી રીતે લેવાય વગેરે બાબતોનું જ્ઞાન ન હોય તો તે જ ભોજન અપથ્ય બનીને ઝેર થઈ જાય; તેમ જ સદ્‌ગુણો શ્રીહરિ અને સંતો-ભક્તોનો રાજીપો, આશીર્વાદ અપાવનારા અને આધ્યાત્મિક પ્રગતિ કરાવનારા છે, પરંતુ જો પાત્રતા ન હોય ને તેમનો ક્યાં, કેટલો, કેવી રીતે અને કયા હેતુ માટે ઉપયોગ કરાય વગેરેનો ખ્યાલ ન હોય તો તે જ સદ્‌ગુણો અધોગતિ કરાવનારા દુર્ગુણો બની જાય. માટે મહારાજને પ્રાર્થના કરીએ કે, સદ્‌ગુણોની સાથે સાથે પાત્રતા અને તેમનો ઉપયોગ કરવા માટે જરૂરી સમજણ પણ આપજો. ●●●

# સત્સંગનો વિવેક

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ     ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક દિવસને વિશે શ્રીજીમહારાજ ગઢપુરમાં પોતાની અક્ષરઓરડીને વિશે વિરાજમાન હતા. તે સમે મહારાજ પાસે કોઈ સાધુ હાજર નહિ ને દાદા ખાચર તથા સોમલા ખાચર તથા સુરા ખાચર, માતરા ધાધલ કાઠી તથા મોકા ખાચર એ આદિકની પોતાની ખાનગી મંડળી બેઠી હતી.

ત્યારે શ્રીજીમહારાજે તે બધા ભક્તોને થોડી સત્સંગની વાતો કરી. પછી દાદા ખાચરને એમ પૂછતા હતા જે, “દાદા ખાચર, તમારે કિયા સંત સાથે હેત છે ? તે કહો.” ત્યારે દાદા ખાચર કહે જે, “મહારાજ ! મારે તો મુક્તાનંદ સ્વામી સાથે હેત છે, ને બીજા સંત કહે જે, આવો બેસો, તો કંઈક પાંચ મિનિટ અથવા દસ મિનિટ બેસવું ઘટે તો બેસું, પણ ઝાઝું તો મુક્તાનંદ સ્વામી પાસે બેસું છું.” એમ દાદા ખાચરે કહ્યું.

તેને સાંભળીને પછી સુરા ખાચરને પૂછ્યું. ત્યારે સુરા ખાચરે એમ કહ્યું જે, “હે મહારાજ ! બીજા સર્વે સંત સાથે બેસવું ઘટે તો બેસું, પણ ઝાઝું તો બ્રહ્માનંદ સ્વામી સાથે મારે હેત છે ને ત્યાં બેસું છું.” એવું સાંભળીને પછી સોમલા ખાચરને પૂછ્યું. ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, “મહારાજ ! મારે તો નિત્યાનંદ સ્વામી સાથે હેત છે તે ત્યાં જઈને બેસું ને બીજા સંત સાથે થોડું બેસું.” એવી રીતે સર્વે પાર્ષદોને પૂછ્યું. ત્યારે સર્વે પાર્ષદે જેની જેની સાથે હેત તથા બેઠક હતી તે કહી બતાવી. ત્યારે સર્વેની વાત સાંભળીને મહારાજ બહુ રાજી થયા.

પછી માતરા ધાધલને પૂછ્યું જે, “તમારે કેની સાથે હેત છે ?” ત્યારે માતરે ધાધલે કહ્યું જે,

"હે મહારાજ ! મારે તો નિર્વિકલ્પાનંદ સાથે હેત છે." એવું સાંભળીને મહારાજ કહે જે, "તારો હાથ તો ઘેંસમાં પડ્યો." એવું મહારાજનું વચન સાંભળીને બધા ખડખડાટ હસી પડ્યા. પછી મહારાજને કહે જે, "હે મહારાજ ! એમ કેમ કહ્યું ?" ત્યારે મહારાજ કહે જે, "એનું સત્સંગમાં કાંઈ ઠેકાણું નથી તો તમારું શું કરશે ?" તે ઉપર મહારાજ વાત કરવા લાગ્યા. તે વાત એમ કરી જે, "અમારે કંઈક પ્રયોજન હોય તો અમે એને મોટો કરીએ, પણ તમારે સંગ કરવો તથા વાત સાંભળવી તે તો જે પોતે સત્સંગમાં રહે એવો હોય તેનો જ સંગ કરવો ને એની જ વાત સાંભળવી; ને હેત તો સર્વે સંત સાથે રાખવું. તથા આપણને શક્તિ હોય તો સર્વેને દંડવત કરવા તથા ચંદન-પુષ્પે કરીને પૂજા કરવી તથા વસ્ત્ર ઓઢાડવાં તથા સર્વેને ભારે ભારે રસોઈઓ આપીને જમાડવા; એવી રીતે સરખી સેવા કરવી, પણ સર્વે સંતમાંથી એક-બે સારા સંત સંગાથે જીવ બાંધવો. અને એ દિવસની રાત કહે તોપણ એવા સંગાથે હેત બાંધવું. અને સરખી સેવા તો આ ઉકા ખાચર કરે છે તેવી રીતે સેવા કરવી. ને એવી સેવાએ કરીને અનંતકાળનાં પાપ જીવને વળગ્યાં હોય તથા વાસના હોય તે પણ બળીને ભસ્મ થઈ જાય; એવું સંતની સેવા કર્યાનું ફળ છે, પણ વાત સાંભળવી તથા સંગ કરવો, એ તો જોઈ-વિચારીને કરજો."

એવી રીતે શ્રીજીમહારાજે અતિશય દયા કરીને પોતાની સેવામાં રહેનારા પાર્ષદોને વાત કરી સત્સંગમાં કોની સાથે હેત કરવું અને સંગ કોનો કરવો; તેના વિવેકની વાત સમજાવી.

વહાલા ભક્તો ! સત્સંગમાં દેશકાળાદિક આઠ કહ્યા છે, તેમાં પણ સંગને મુખ્ય કહ્યો છે. સદ્.ગોપાળાનંદ સ્વામી કહેતા, "સંતને સેવે તો પોતે સંત થાય છે અને અસંતને સેવે તો અસંત થાય છે. તપસ્વીને સેવે તો તપસ્વી થાય છે અને ચોરને સેવે તો ચોર થાય છે; કેની પેઠે ? તો જેમ વસ્ત્રને જેવા રંગમાં રંગીએ તેવા રંગવાળું થાય છે." તથા સદ્.ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમની વાતોમાં કહ્યું છે કે, 'સારા ભગવદી સાથે જીવ બાંધવો એ જ સત્સંગમાં રહ્યાનો હેતુ છે, પણ એકલી ભક્તિ સત્સંગમાં રહ્યાનો હેતુ નથી. ને જ્ઞાન વિના તો સર્વે કાચું છે. ને સારા ભગવદી સાથે જીવ બાંધ્યો હતો તો કરસનદાસ ને મહાવીર્યાનંદને સત્સંગમાં રાખ્યા ને તે વિના તો રાઘેશ્વરાનંદ ને હિરણ્યગર્ભાનંદ ગયા ને હમીરે પણ ઘણીક ભક્તિ કરી હતી તોપણ ગયો.' માટે મહારાજની અને મોટા સંતોની વાતોમાંથી સંગ કરવાના વિવેકની વાતોને સમજી-વિચારીને એકાંતિક સાધુનો સંગ કરીશું તો આપણામાં એકાંતિકધર્મ દૃઢ થશે અને મહારાજ રાજી થશે. ●●●



# શું જોઈએ ? રાજીપાનો રૂઆબ કે રૉયલ્ટિ

લેખક : સાધુ સંકીર્તનદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક પ્રસિદ્ધ જોક્સ પૂજ્ય ગુરુજીની કથામાં આપ સૌએ સાંભળ્યો હશે. એક વૈદ્યે એક ભાઈને અઠવાડિયું મીંઢી આવળનું સેવન કરવાનો ઉપચાર બતાવ્યો, પણ સાત દિવસ પછી તેણે ફરિયાદ કરી કે, ‘કોઈ ફરક નથી પડ્યો.’ ત્યારે વૈદ્યે પૂછ્યું કે, ‘તમે સેવન કર્યું કઈ રીતે ?’ ત્યારે તેણે જવાબ આપ્યો ‘હું રોજ મીંઢી આવળની પથારી કરી સૂતો હતો.’ આપણને સૌને તેની મુર્ખામી પર હસવું આવે; કારણ કે તે ભાઈએ જે રીતે ઔષધ લેવું ઘટે તે રીતે ન લીધું.

હમણાં જ એક વડીલને પાચનશક્તિ મજબૂત કરવાનો ઉપાય youtubeમાંથી મળતાં તેમણે બંને ટાઇમ જમ્યા પછી છાશ પીવાનું ચાલુ કર્યું, અને એ પણ 3-4 ગ્લાસ. પરિણામ એ આવ્યું કે, અઠવાડિયામાં જ તેમને અત્યંત ઝાડા-ઉલ્ટીને કારણે હોસ્પિટલાઇઝ કરવા પડ્યા. પછી તેમના પરિચિત વૈદ્યે ખબરઅંતર પૂછતાં જણાવ્યું કે, ‘વડીલ ! છાશ પાચન તો કરે જ, પણ તેની લિમિટ હોય તો. અને એ પણ જો રાત્રે ન લેવાય તો વધુ સારું. પાચન માટે લીધેલી છાશે જ તમને અપચો કર્યો છે.’

વહાલા ભક્તો ! ભગવાનને પામવા, આત્માને બળિયો બનાવવા આ સત્સંગમાં રાજીપાનું ટોનિક ખૂબ જ અગત્યનું છે, પણ તેને લેવાની રીત ન આવડે તો પેલા વડીલની જેમ જ અપચો થાય. પરિણામે અનેક વિકૃતિઓ સર્જાતાં આપણે ઊલટાના નિર્બળ થઈ જઈએ. **“રાજીપો એટલે હૃદયની પ્રસન્નતા.”** કોઈના હૃદયમાં આપણાં વાણી-વર્તનથી પ્રસન્નતા થાય તે તે જ ક્ષણે આશીર્વાદના રૂપમાં આપણા હૃદય સુધી પહોંચી જાય છે. પરંતુ પ્રસન્ન થયેલી વ્યક્તિ જ્યારે તેને શબ્દોથી વ્યક્ત કરે છે ત્યારે તેઓની ખુશીમાં અને તેમના સંતોષમાં જ આપણાં કાર્યોની સાર્થકતા સમજવાને બદલે તે શબ્દોને આપણે આપણા અહંકારને સંતોષવા જ્યારે લઈએ છીએ, અને એ પણ આપણી કેપેસિટિ કરતાં વધુ માત્રામાં, અને વળી અયોગ્ય રીતે; ત્યારે તે માની લીધેલો **રાજીપો જ ટોનિકની જગ્યાએ પેનિક બની જાય છે.**

કાળાતળાવના રવજી સુતાર રામાનંદ સ્વામીના વખતથી સત્સંગી હતા. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે કચ્છ વિચરણમાં પધારતા ત્યારે તે ખૂબ જ ભાવથી સેવતા અને પ્રસન્નતા મેળવતા. મહારાજે તેમને પાત્ર જાણી રાજી થઈને ઐશ્વર્ય આપ્યું. તેથી તેઓ ધારે તેને સમાધિ કરાવતા અને સૌના અંતરના ઘાટ પણ જાણી શકતા. કચ્છ દેશના ભક્તોના સુખાર્થે શ્રીજીમહારાજે તેમને ઐશ્વર્ય પ્રદાન કર્યું હતું. જેના કારણે સારાએ કચ્છમાં તેમની બોલબાલા થવા લાગી, પણ સમય જતાં હરિભક્તોની પ્રસન્નતા સાથે મળતી પ્રશંસાને કારણે રવજી સુતાર ભાન ભૂલ્યા. અને શ્રીજીમહારાજે તેમને ઐશ્વર્ય આપતી વખતે કોઈના ઘરે પાકો થાળ ન જમવો તથા સ્ત્રીઓ સાથે ન બોલવું વગેરે નિયમો આપ્યા હતા, તે લોપીને સ્વતંત્રપણે વર્તવા

લાગ્યા. વળી હરિભક્તોના સૂચનને પણ ગણકારતા નહીં. છેવટે મહારાજે તેમનું ઐશ્વર્ય હણી લીધું ત્યારે ફરી પહેલાની જેમ નિર્માનીપણે સત્સંગ કરવા લાગ્યા. એટલે જ તુલસીદાસજીએ સાખીમાં લખ્યું છે કે,

**"નહિ કોઉ અસ જન્મેઉ જગ માંઈ,**
**પ્રભુતા પાઈ અરુ મદ નાઈ."**

આપણે પણ આ સત્સંગમાં સાચા ભાવે સેવા, ભજન, આજ્ઞાપાલન ઇત્યાદિ કરીને વાલા મહારાજ અને સંતો-ભક્તોના હૃદયનો રાજીપો પ્રાપ્ત કરીએ છીએ; પણ તે રાજીપો રાજીપારૂપે જ લઈ રહ્યા છીએ ? જો હા, તો ધ્યાન-માનસીમાં સહેજે જ ગળતા હૃદયે મહારાજમાં જોડાવાય, સહેજે જ પંચવિષય ત્યાગવા ગમે, બીજા બધા દિલથી મોટા મનાય અને સૌને દાસભાવે સેવવાનું જ મન થાય. અને જો પોતાનાં વખાણ થાય તે ગમે, દિવસે દિવસે સત્સંગ-સેવા કરવા છતાં વિષયમાં ખેંચાણ વધે, પોતાની ખાસિયતોમાં જ રમમાણ રહેવાય અને આવડતો કે પદવીના પાવરથી બીજાની ગૌણતા થયા કરે; ત્યારે સમજી લેવું કે રાજીપાનું રિએક્શન આવ્યું છે.

**"આપણને મળેલા રાજીપાનો ઉપયોગ જ્યારે આબરૂ વધારવા માટે કરીએ છીએ, ત્યારે તે આબરૂ જ રૂઆબ વધારી દે છે."** અને એ રાજીપો જ આપણી આધ્યાત્મિકતાને ઊધઈની જેમ અંદરથી કોતરી ખાય છે. જેમ બજારમાં શીંગદાણા સસ્તા ભાવે તો મળે, પણ તેને પચાવવા ખૂબ ભારે છે; તેમ સત્સંગમાં રાજીપો મેળવવો તો સહેલો છે, પણ તેને પચાવવો ઘણો કઠણ છે.

'આ કામ આમનાથી જ થાય.' 'આમને લઈને જ અમે સુખી છીએ.' 'તેઓ અમારું ખૂબ ધ્યાન રાખે છે.' વગેરે વગેરે શબ્દોના માધ્યમે મળતી **પ્રશંસામાંથી પ્રેરાયેલી પ્રવૃત્તિ હંમેશાં ધ્યેય, દિવ્યતા, દાસત્વ ભૂલવાડી મનધાર્યું કરાવીને સ્વતંત્ર કરશે; જ્યારે પ્રસન્નતાની પ્યાસમાંથી પ્રેરાયેલી પ્રવૃત્તિ હંમેશાં ધ્યેય, દિવ્યતા, દાસત્વને વધારી ભગવાનની નજીક લઈ જશે.**

શ્રીજીમહારાજે વચનામૃત.ગ.મ.૪૧માં આપણને જણાવ્યું જ છે કે, "જે માનનો સ્વાદ મૂકીને કેવળ પ્રસન્નતા માટે ભક્તિ કરે છે તે અમને ગમે છે." છતાં ઘણી વાર આપણે કમાયેલા રાજીપાની રોકડી આબરૂ માટે કરીએ છીએ, તો ઘણી વાર મનેચ્છિત વિષયો કે પદાર્થો પ્રાપ્ત કરવા પણ કરી નાખીએ છીએ. ખરેખર તે દળી દળીને ઢાંકણીમાં ઉધારવા જેવું જ છે. જો ખરેખર રાજીપાના આ રિએક્શનથી બચવું હોય તો પૂજ્ય ગુરુજીનું આ પદ સદાય યાદ રાખવા જેવું છે.

તારો રાજીપો મળે સદાય,
પળે પળે તે વધતો જ જાય;
હું રાજીપાને વાવું સદાય,
પણ જો જો મુંથી વપરાય ન જાય.
(કી.માળા ભાગ -૧/૧૬૯ )

બિનજરૂરી ખરીદીમાં રૂપિયા વેડફવા કરતાં તેનું સુરક્ષિત જગ્યાએ સેવિંગ કરે તે બુદ્ધિશાળી ગણાય. કલા જગતમાં મોટેભાગે કલાકારો પોતાની કલા પ્રદાન કર્યા પછી તેના વળતરમાં રૂપિયા લેતા હોય, પરંતુ એક વખત એક હોશિયાર કલાકારે પોતાની કલાના બદલામાં આપણને કહ્યું કે, "મને રૂપિયા તો તમે જે આપવા હોય તે આપજો, પરંતુ મને રોયલ્ટિ તો જોઈશે." (રોયલ્ટિ એટલે જે તે વસ્તુ youtube આદિ પ્લેટફોર્મમાં ચઢાવ્યા પછી તેના વ્યૂઅર્સના આધારે મળતી ઇન્કમનો ભાગ.) આપણને મળેલા રાજીપાને આ લોકના ક્ષુલ્લક આનંદરૂપી રૂપિયા પ્રાપ્ત કરવા વાપરી નાંખવા કરતાં, તે રાજીપાને શ્રીહરિ કે સદ્‌ગુરુરૂપી બેંકમાં સેવ કરી, તે રાજીપાની રોયલ્ટિ રૂપે તેઓને મળતા મૂર્તિના આનંદના આપણે પણ સહભાગી થઈ જઈએ તો રાજીપાનું સાચું ફળ પ્રાપ્ત કર્યું ગણાય. ●●●

# જીવલેણ રોગ : અસદ્‌વાસના

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સહજનો ઊંચા અવાજે બોલવાનો સ્વભાવ, દીપકનો ભૂલી જવાનો સ્વભાવ, હિરેનનો ઓછું બોલવાનો સ્વભાવ, દર્શનનો વધુ પડતો ચોક્સાઈનો સ્વભાવ, જતીનની કાર્ય કરાવવાની શૈલી થોડી ક્લીષ્ટ, રાહુલને વ્યાવહારિક સૂઝબૂઝનો અભાવ, આકાશનો થોડો આળસ-ગાફલાઈવાળો સ્વભાવ : આ બધું એના એના માટે જે હોય તે, પરંતુ આપણા માટે તો બહુ જ સામાન્ય અને સહજ હોવું જોઈએ.

હા, આ બધી બાહ્ય બાબતો આપણામાં હોય તો તેને શત્રુ માનીને તેને સુધારાય; પરંતુ અન્ય વ્યક્તિમાં હોય ત્યારે તેને એકદમ સહજ લેવાય. કેમ જે, તેને લઈને કોઈનું કલ્યાણ ખોરંભાઈ જાય એવા મોટા આ ભયંકર દોષો કે સ્વભાવો નથી. હા, બની શકે તો એમાં સાથે રહીને એમને મદદ કરાય પણ સામે રહીને એ બાબતને બહુ મોટા દોષ તરીકે કદી ન જોવાય.

કોઈના આવા સહજ મનુષ્યભાવોને જોઈ જો આપણે રાગ-દ્વેષાદિક નિમિત્તે એના પુનરાવર્તને ચડી જઈએ, તો એ બાબત આપણા માટે પાપરૂપ બની જાય છે. સામાની નોંધમાં જ ન લેવા જેવી સામાન્ય બાબતને જ્યારે આપણે મનોમંથન કરી કરીને મેરુ જેવડી કરી નાંખીએ કે તેને અન્ય પાસે ઊપણવા લાગીએ તો આપણે જ આપણો પાપનો ઘડો ભરી રહ્યા છીએ. જો આપણે રાગ-દ્વેષ, અભાવ, ઈર્ષા, નિંદા વગેરેથી ભગવાનના લાડલા સંતો-ભક્તોની એક-બે ટકા જેટલી સામાન્ય સહજ ભૂલમાં વધારે દોષ પરઠીએ તો મોક્ષમાર્ગથી ભટકી પડીએ.



આ પૃથ્વી ઉપર પ્રગટ થયેલ મનુષ્યમાત્રમાં મનુષ્યના ભાવો હોવાના-રહેવાના, પરંતુ તેની સાથે જ તેનાથી પણ ઘણા બધા વધારે સદ્‌ગુણો અને દિવ્યતા પણ હશે. આપણે જે સાઇડ વધારે જોઈશું એ આપણા આંતર પ્રવાહોમાં વહેતી રહેશે ને એ મુજબ સુખ-દુ:ખ અનુભવાશે ને એ મુજબ આપણી પ્રગતિ કે અધોગતિ થવાની.

આપણા વર્તમાન જીવનમાં જો આપણને એવી ફીલિંગ આવતી હોય કે... ‘આ સત્સંગમાં મારે ઘણાં વર્ષો થઈ ગયાં તેમ છતાં હજુ જોઈએ એવી પ્રગતિ નથી થતી, જોઈએ એવું સુખ નથી આવતું. પાછળથી સત્સંગમાં આવેલા ભક્તો ઘણા આગળ વધી ગયા ને હું તો ત્યાં ને ત્યાં જ છું. ક્યારેક તો હું પાછો પડતો હોઉં એવું પણ મને લાગે છે.’ તો... આપણે રોગી છીએ; કોઈ નિષ્ણાત ડોક્ટર પાસે રોગનું નિદાન કરાવી તેની ટ્રીટમેન્ટ કરાવવી પરમ આવશ્યક છે.

પ્રભુ કૃપા કરે ને ડોક્ટરે પાડેલ એક્સ-રેમાં આપણા રોગનું મૂળ પકડાઈ જાય. ડોક્ટરની સલાહ મુજબની

દવા લેવાથી આપણો આ રોગ નાબૂદ થઈ જાય. ને પછી સ્વસ્થ થઈને આપણે પણ અન્ય ભક્તોની માફક સત્સંગના માર્ગે પૂરપાટ આગળ વધી શકીએ; પણ જ્યાં સુધી રોગના મૂળકારણ સુધી ન પહોંચીએ ત્યાં સુધી એને નાબૂદ કેવી રીતે કરી શકીએ ! માટે જો આપણે આધ્યાત્મિક માર્ગમાં સ્વસ્થ રહી આપણી પ્રગતિ ઇચ્છતા હોઈએ તો આ માર્ગના કોઈ યોગ્ય ડોક્ટર પાસે જઈને નિખાલસ-નિષ્કપટપણે સમયસર પોતાના અંતરનો રીપોર્ટ કરાવતા રહેવું જોઈએ.

આ વાતના અનુસંધાને શ્રીહરિજી મહારાજે કેટલાક વચનામૃતના અંશોમાં આ રોગને ઓળખવાનાં મીટરો સ્પષ્ટરૂપમાં બતાવ્યાં છે. જેમ કે... “આ જીવ જ્યારે સત્સંગ કરે છે ત્યારે તો સંતમાં ને સત્સંગીમાં અતિશય હેત હોય અને પછી કેમ ઓછું થઈ જાય છે ?” આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે વચ.ગ.પ્ર.૭૮માં એવું કહ્યું છે કે, “પ્રથમ તો એને સંતને વિશે અલૌકિક મતિ હોય અને પછી તો તે સંતનો અલ્પ દોષ જોઈને પોતાની કુબુદ્ધિએ કરીને ઝાઝો દોષ પરઠે છે. પછી એની અસદ્વાસના થઈ જાય છે, તેણે કરીને સંતને વિશે ઓછો ભાવ થઈ જાય છે. તે જો વિચારીને અસદ્વાસનાને ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થાય; અને જો અસદ્વાસના ન ટાળે તો અંતે જતાં વિમુખ થઈ જાય છે.”

વળી, આવા જ કાંઈક અનુસંધાન સાથે વચ.ગ.પ્ર.૧માં હરજી ઠક્કર પ્રશ્ન કરે છે કે, “કેટલાક તો ઘણા દિવસ સુધી સત્સંગ કરે છે, તોપણ તેને જેવી પોતાના દેહ અને દેહના સંબંધીને વિશે ગાઢ પ્રીતિ છે, તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે ?” તેના ઉત્તરમાં શ્રીજીમહારાજે આવું કહ્યું છે, “એને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ જાણ્યામાં આવ્યું નથી. અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે; તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી.”

શ્રીહરિજી મહારાજના શ્રીમુખથી વહેતાં ઉપરોક્ત વચનો જોતા આપણને સ્પષ્ટ થાય છે કે પ્રભુના હાથ-પગ સમાન; અરે, હૃદય સમાન આ પ્રગટ સંતો-ભક્તોમાં કરેલા કુભાવો જ આપણને અધોગતિ તરફ ધકેલે છે. આપણાથી જાણે-અજાણે આ પાપ ન થઈ જાય એટલે જ મહારાજે વચ.ગ.મ.૪૮માં તેની ગંભીરતા સમજાવી છે. ને રોજે એક અધિક દંડવત કરી માફી માંગવાનું કહ્યું છે.

આ માર્ગમાં આપણે કમાણી કદાચ કરોડોની કરતા હોઈએ, પરંતુ કેટલીક બાબતોમાં એ બધો જ પૈસો એમ જ વેડફાઈ જતો હોય તો એકંદરે કશું જ ભેગું ન થાય. કમાણી કરવી એ જેટલું શાણપણ છે એનાથી પણ વધારે તે વેડફાઈ, ચોરાય કે ખચાઈ ન જાય એમ સાવધ રહેવું એ વધુ મોટું શાણપણ છે. માટે અભાવ, સ્વભાવ, ગૌણભાવ વગેરે કુભાવોથી બચી હંમેશાં દિવ્યભાવ અને દાસભાવમાં જીવવું.

વહાલા ભક્તો ! તો ચાલો, આટલી વાતો બાદ આપણે પણ ચેક કરી લઈએ કે પ્રસ્તુત વાતોમાંથી મને કઈ વાત લાગુ પડે છે ? રખે હું જાણે-અજાણે આ રસ્તે ચાલી મારું જ પતન નથી કરતો ને ! મારી આજુબાજુમાં રહેલા સંતો-ભક્તોમાં ઘણું ઘણું સારું જોવા-શીખવા જેવું છે. એને નહિ જોતા હું જરા જેટલી નેગેટિવિટીને જોયા-વિચાર્યા કરીને એને જ હાઇલાઇટ નથી કરતો ને ! કોઈ મને નાની એવી ભૂલ બતાવે ત્યારપછી એની પ્રતિક્રિયારૂપે હું સામાની અનેક ભૂલો ખોળવાનો ધંધો તો નથી કરતો ને !

જો સૌમાં અખંડ દિવ્યતા જ દેખાશે તો ફાયદો જ ફાયદો છે, પણ દોષો કે સ્વભાવોરૂપ માનુષીભાવોનું સ્તર જાડું થઈ જશે તો એ દિવ્યતામાંથી બહાર નીકળી જવાશે. એમની દિવ્યતાનો તો કોઈ લાભ નહિ મળે; ઊલટાના અભાવ-અવગુણ કે ગૌણતાની ખીણમાં સરી પડાશે. માટે જીવલેણ રોગ સમાન અસદ્વાસનાથી બચવાનો અને દિવ્યભાવની દૃઢતાનો આજથી જ ઠરાવ કરીએ... ●●●








લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ આખું જ દૃષ્ટાંત આપણે પોતાની આધ્યાત્મિકતા સાથે સરખાવવાનું છે. આવું જ કાંઈક મારે આધ્યાત્મિક માર્ગમાં નહિ થાય ને...! તો ચાલો, જોઈએ આજનું Result.

વિશાલ એક નાના ગામમાં રહેતો હતો. તેના પિતા એક નાના દુકાનદાર હતા. તેમના ઘરમાં નાનાં-મોટાં આર્થિક સંકટો આવતાં રહેતાં હતાં. તેથી વિશાલે નક્કી કર્યું કે, તે CA(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) બનશે અને તેના પરિવારને આર્થિક સ્થિતિમાંથી બહાર કાઢશે. વિશાલ ખૂબ જ પ્રતિભાશાળી અને મહેનતુ યુવક હતો. તે રોજ સવારમાં વહેલો ઊઠતો અને રાત્રે મોડે સુધી ભણતો. તેની મહેનતના દૃષ્ટિકોણને જોઈને તેના પરિવાર અને ગામના લોકો તેને પ્રોત્સાહિત કરતા.

તે જ્યારે ભણવા બેસતો ત્યારે તેના મિત્રો તેને રમવા, હરવા-ફરવા માટે બોલાવતા. તે સમયે વિશાલ વિચારતો કે, તે થોડા સમયમાં પાછો આવીને ભણવાનું પૂરું કરી લેશે, પણ ધાર્યા મુજબ તે પાછો આવી ભણી શક્તો નહીં. આવું જોઈને તેના વાલી વિશાલને સમજાવતા અને વિશાલને પણ એવું લાગતું કે હું ભણવામાં પૂરી રીતે સક્ષમ છું અને મહેનત પણ કરી શકું તેમ છું, પરંતુ હું સમયને ખોટી રીતે વેડફી રહ્યો છું.

આવું સમજાતા હવેથી વિશાલે રમવાનું છોડી દીધું અને ઘરે બેસીને ખૂબ જ મહેનત કરવા લાગ્યો. તેને લાગ્યું કે, હવે મને CA બનવામાં કોઈ વિઘ્ન નહિ આવે. પરંતુ થોડા સમય બાદ એક લોભાવનારું વિઘ્ન આવ્યું. અને એ હતું : મોબાઈલ. વિશાલ ઘરે રહીને મોબાઈલ સોશિયલ મીડિયા પર કલાકોના કલાકો વિતાવવા લાગ્યો. તેને મનમાં સમાધાન કરી લીધું કે, તે અંતિમ દિવસોમાં ખૂબ મહેનત કરી બધી તૈયારી કરી લેશે. આ બાબતની જાણ તેની મમ્મીને થતાં તેઓ તેને વારંવાર રોકતા-ટોકતા અને ભણવામાં પૂરતું ધ્યાન કેન્દ્રિત રાખવાનું કહેતા, પરંતુ વિશાલ તેની મમ્મીને સમજાવી દેતો અને કહેતો કે તે બધું જ સમયસર પૂરું કરી લેશે.

સમય જતાં હવે તો પરીક્ષાના થોડા જ અઠવાડિયા બાકી રહ્યા. વિશાલે હવે તો વધુ મહેનત કરી પોતાના સમય પર અભ્યાસ પૂરો કરી લેવાનું નક્કી કર્યું, પરંતુ તેને શરદી અને તાવ આવ્યો. આ બીમારીના કારણે તે થોડા દિવસો સુધી ભણતરથી દૂર રહી ગયો. જ્યારે તેને સારું થયું, ત્યારે તેને સમજાયું કે હવે તેની પાસે ખૂબ જ ઓછો સમય બાકી છે. તે દૃઢ નિશ્ચય સાથે વધુ મહેનત કરવા બેસી ગયો, પરંતુ તે હવે પૂરતી તંદુરસ્તીથી અભ્યાસ કરી શક્યો નહીં.

અંતે પરીક્ષાનો દિવસ આવી ગયો. વિશાલ

પરીક્ષા આપવા માટે રૂમમાં ગયો, પરંતુ તેની તૈયારી અધૂરી હતી. તે પ્રશ્નોના જવાબ લખવામાં સંકોચાઈ ગયો, પરિણામે તે નિષ્ફળ થયો.

વિશાલને ખૂબ જ પસ્તાવો થયો. તેને સમજાયું કે તેની પાસે પૂરતો સમય અને તક બંને હતા, પરંતુ તે તેનો યોગ્ય ઉપયોગ કરી શક્યો નહીં. વળી, જો મેં સમયસર અભ્યાસ કરી લીધો હોત અને મમ્મીની વાત સાંભળીને તેનો અમલ કર્યો હોત તો ચોક્કસ સફળ થાત. હું મહેનત અને સમયના મહત્ત્વને સમજી શક્યો નહીં, અને તેના અભાવના કારણે હું નિષ્ફળ ગયો.

પોતાની ભૂલ સ્વીકારીને વિશાલ ફરીથી સો ટકા ધ્યાન આપીને રાત-દિવસ મહેનત કરવા લાગ્યો. થોડાક સમય પછી CAની એક્ઝામમાં પાસ થઈ ગયો.

આપણે અનંત જન્મોથી લખચોરાશીમાં ભટકતા હતા. અત્યંત દુ:ખી થતા હતા. તેથી મહારાજે અતિ કરુણા કરી એમને પામવા માટે આવા દિવ્ય સત્સંગમાં એડમિશન આપ્યું. સાથોસાથ ભગવાનને ભેટાડે એવા પૂ.ગુરુજી અને સંતો-ભક્તોનો સાથ આપ્યો.

શરૂઆતમાં જ આપણે અક્ષરધામના મુક્ત બનવું જ છે, આવું નક્કી કર્યું. તેના માટે આપણે ખૂબ જ મહેનત કરીએ. જે કહે તે માનીએ. દોડાદોડ સેવા કરીએ. વહાલા હરિકૃષ્ણ મહારાજની અને મોટાપુરુષની આજ્ઞા વ્યવસ્થિત પાળીએ. રેગ્યુલર કથા સાંભળીએ, ચેષ્ટા-નિયમ કરીએ.

**આ બધું કરતાં-કરતાં બધાનો રાજીપો-પ્રેમ મળવા લાગે. આ લોકમાં આપણને સફળતા મળવા લાગે, સહુકોઈ આપણને પ્રેમથી જોવા લાગે. ભાવનાઓ વ્યક્ત કરવા લાગે. કાંઈક સારા કાર્યોથી વાહ વાહ થવા લાગે. તેથી આ બધાં અલગ અલગ પ્રકારનાં કેફી દ્રવ્યોનો કેફ આપણને અલગ દુનિયામાં ડોલાવવા લાગે અને ખબર પણ ન રહે અને આપણે બીજા સુખ માણવા લાગીએ અને અક્ષરધામના મુક્ત બનવાનું તાન પણ ભુલાઈ જાય. પૂ.ગુરુજી કહે છે કે, 'દુ:ખમાં જેવી ભગવાનને પામવાની સ્પીડ આવે છે તેવી સ્પીડ સુખમાં આવતી નથી.'**

પછી જ્યારે કેફ ઓછો થાય ત્યારે ખ્યાલ આવે કે, મેં મારું જીવન ઘણું ખોટી દિશામાં વેડફી નાખ્યું. મહારાજે મને આવો દિવ્ય સત્સંગ આપ્યો હતો, સંતો-ભક્તોનો યોગ આપ્યો હતો; છતાં મારે જે કરવાનું હતું તે રહી ગયું ને બીજું જ કરવા લાગી ગયો. ત્યાં તો ઘણો સમય જતો રહ્યો હોય છે, ઉંમર પણ ઘણી થઈ ગઈ હોય, ઇન્દ્રિયો-અંત:કરણ પણ ઢીલાઢફ થઈ ગયાં હોય છે. શરીર પાસે, મન પાસે જેવું કામ લેવું જોઈએ એવું લઈ શકવા માટે સમર્થ પણ ન હોઈએ, ત્યારે ખ્યાલ આવે કે હું ખરેખર ભગવાનને પામવા જ આવ્યો હતો પણ આ શું થઈ રહ્યું છે ? આવા પસ્તાવા સાથે સંતોના શરણે પડીએ, ભૂલ સ્વીકારી નિખાલસ થઈએ, માફી માંગીએ ત્યારે આપણી સાચી મા પૂ.ગુરુજી, સંતો હાથ પકડે ને કહે, બેટા...! હું તારી સાથે છું.

હજી સમય છે તું સમજી જાને,<br>
ચિત્ત શ્રીજીમાં પ્રોઈ લે...

પછી **'પૂ.સંતો મારા માટે જે કાંઈ કરે છે તે સારું જ કરે છે,' આવો હિતકારીપણાનો વિશ્વાસ રાખી ખંત રાખીને મંડી પડીએ અને 'જે કરવાથી, જેમ રહેવાથી, જેના સંગે રહેવાથી, જ્યાં રહેવાથી મહારાજમાં હેત-પ્રેમ થાય એમ જ કરીશ અને જે કરવાથી હેત-પ્રેમ ઘટે તેમ નહિ જ કરું;'** આવો ઠરાવ કરી આપણે આપણા જીવનમાં અંતરખોજ કરી આગળ વધીએ તો આપણને જે Result માટે મહારાજે આ સત્સંગમાં એડમિશન આપ્યું હતું તે 100% Result આપણે ચોક્કસ મેળવી શકીશું. ●●●

# શરણાગતને પાળે સદા બહુનામી...

લેખક : સાધુ વર્ણિવેષદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ જગતમાં જેમ માતા પોતાના બાળકનું પાલન-પોષણ કરે છે, તેમ જ સર્વના પિતા પરમ કૃપાળુ શ્રીહરિજી મહારાજ અને આપણા ગુરુ આપણું સર્વે રીતે ભલું કરતા હોય છે. પરંતુ જેમ બાળક માતાના આધારે જ રહે છે તેમ આપણે ભગવાનના કે મળેલા સત્પુરુષના આધારે રહેતા નથી; આને કહેવાય શરણાગતિની ખામી. જે પ્રાપ્તિ કૃપામાં મળવાની છે તેને સાધનનું બળ લઈ આપણે વિકટ કરી નાખીએ છીએ.

જે જે ભગવાનના ભક્તો કેવળ ભગવાનના આધારે રહે છે તેની વહારે ભગવાન કઈ રીતે આવે છે ? તે એક કૃષ્ણ ભક્તના માધ્યમે સમજવાનો પ્રયત્ન કરીએ...



એક વૃદ્ધ માતા પોતાના કુટુંબ માટે શાકભાજી લેવા દુકાન પર ગયા. તેમની પાસે શાકભાજી ખરીદવાના પૈસા ન હોવાથી તેમણે દુકાનદારને શાકભાજી ઉધાર આપવા માટે વિનંતિ કરી, પણ દુકાનદારે ઉધાર આપવાની ના પાડી. પરંતુ માજીના આગ્રહને લઈને દુકાનદાર ખીજાઈને કહેવા લાગ્યો, “તમારી પાસે કાંઈ એવું છે કે જેની કાંઈક કિંમત હોય ? તેને આ ત્રાજવા ઉપર મૂકો. હું તેના વજન બરોબર શાકભાજી આપી દઈશ.”

આ સાંભળી વૃદ્ધ માતા વિચારમાં પડી ગયા. કારણ કે, તેમની પાસે એવું કાંઈ જ ન હતું કે જેનું કાંઈક મૂલ્ય થઈ શકે. વિચારતાં-વિચારતાં તેમણે એક નાનો કાગળનો ટુકડો કાઢ્યો અને તેના પર કાંઈક લખી તે કાગળ ત્રાજવા ઉપર મૂક્યો. દુકાનદારને આ જોઈ હસવું આવ્યું, તેમ છતાં તેણે થોડુંક શાકભાજી ત્રાજવા પર મૂક્યું.

આશ્ચર્ય...!! કાગળવાળું પલ્લું નીચે નમી ગયું અને શાકભાજીવાળું પલ્લું ઊંચું જ રહ્યું. દુકાનદારે વધારે શાકભાજી મૂક્યું, પરંતુ કાગળવાળું પલ્લું ઊંચું જ ન થયું. છેવટે દુકાનદારે થાકીને આશ્ચર્ય સાથે માજીના કાગળને ઉપાડીને વાંચ્યો. વાંચીને તે ખૂબ જ વ્યથિત થઈ ગયો.

કાગળમાં લખ્યું હતું કે, “હે શ્રીકૃષ્ણ ! તમે સર્વજ્ઞ છો, હવે બધું જ તમારા હાથમાં છે.”

દુકાનદાર જોતો જ રહી ગયો. તેણે બધું જ શાકભાજી માજીને આપી દીધું, પરંતુ કાંઈ સમજી ન શક્યો.

જ્યાં સુધી આ લોકની બુદ્ધિ છે ત્યાં સુધી ભગવાનનું કોઈ પણ ગણિત આપણને સમજાતું નથી. માત્ર ભગવાન જ શરણાગતનું મૂલ્ય સમજી શકે છે અને તેને ગળે લગાવી લે છે. આ વાતને સિદ્ધ કરવા વહાલા ગુરુજીએ તા.૧૯ અને ૨૦, સપ્ટેબર-૨૦૨૪ના રોજ શરણાગતિ-પ્રપતિ ઉપર ખૂબ જ ઊંડાણપૂર્વક વાતો કરી છે તે આપણા માટે ખૂબ જ લાભદાયી છે.

વહાલા મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, હે વહાલા ! અમારું સ્વબળ ટળી જાય ને આપનું ખૂબ જ બળ રહે અને આપના જ આધારે રહેવાય; એવી અમારા ઉપર કૃપા કરશો કૃપા કરશો.. ●●●



# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમનજીભાઈ ગોવિંદભાઈ સોનાણી-સુરત



મૂળગામ વલ્લભીપુર અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીમનજીભાઈ ગોવિંદભાઈ સોનાણી તા.૦૯/૦૯/૨૦૨૪ના રોજ ૬૪ વર્ષની ઉંમરે શ્રીજી સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયા છે. પૂ.ગુરુજી આદિક સંતો વલ્લભીપુરમાં રહેતા હતા ત્યારે મનજીભાઈએ ખૂબ સારી નિષ્ઠાપૂર્વક સેવા-ભક્તિ કરી સંતોનો રાજીપો લીધો હતો. તેમણે વલ્લભીપુર સ્વામિનારાયણ મંદિરમાં ઘણાં વર્ષ સુધી ઘરધણી બનીને સેવા કરી હતી. તેઓ સ્વભાવે ભલા-ભોળા ભગવાનના ભક્ત હતા. તેમને કીર્તન-ભક્તિનું સારું અંગ હતું. વળી, સવારની કથા પણ સાંભળતા. મનજીભાઈના આત્માને વહાલા મહારાજ ધામમાં પોતાની સેવામાં રાખી પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીનાથાભાઈ નાનજીભાઈ ઈટાલિયા-બોટાદ



મૂળગામ બોટાદમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીનાથાભાઈ નાનજીભાઈ ઈટાલિયા તા.૧૦/૦૯/૨૦૨૪ના રોજ ૭૪ વર્ષની ઉંમરે શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેઓ આપણા આત્મીયસભ્ય વિનુભાઈ નાથાભાઈ ઈટાલિયાના પિતાશ્રી થાય. નાથાદાદા સવારની મંગળા આરતી અને સાંજે સંધ્યા આરતી દરરોજ મંદિરે જઈને જ કરતા. તેમના બંને દીકરાનો પરીવાર સત્સંગી છે અને કુંડળધામથી થતી સવારની કથા અને રવિસભાનો લાભ લઈ જીવન સાર્થક કરી રહ્યા છે. નાથાદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની સેવામાં અખંડ રાખે એ જ અભ્યર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીરમેશભાઈ ખીમજીભાઈ પોકાર-ઈન્દોર



મૂળગામ દયાપર-કચ્છ અને હાલ ઈન્દોરમાં રહેતા પ.ભ.શ્રીરમેશભાઈ ખીમજીભાઈ પોકાર તા.૦૨/૦૯/૨૦૨૪ના રોજ પ્રભુ સ્મરણ કરતાં થકા અક્ષરનિવાસી થયા છે. તેઓ નિયમિતપણે કુંડળધામથી થતી સવારની કથા અને રવિસભાનો લાભ લેતા હતા. તેમનો આખો પરિવાર ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છે. તેઓ ઈન્દોરમાં વસતા આપણા આત્મીયસભ્ય વિનોદભાઈ ખીમજીભાઈ પોકારના મોટાભાઈ થાય. શ્રીજીમહારાજ રમેશભાઈના આત્માને ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો કેળવવાનું તથા વિયોગ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● શ્રીભક્તચિંતામણિ સપ્તાહ પારાયણ-કુંડળધામ









શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામમાં પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી ગામ લીંબડીના અ.નિ.શ્રીબાબુલાલ મગનલાલ સોનીની પુણ્યસ્મૃતિ નિમિત્તે તથા અ.નિ.નીલાબેન બાબુલાલ સોની તથા ભાલાણી પરિવારના મોક્ષાર્થે તા.૧૨/૦૯/૨૦૨૪ થી તા.૧૮/૦૯/૨૦૨૪ ભાદરવા સુદ-૯ થી પૂનમ દરમ્યાન 'શ્રીભક્તચિંતામણિ સપ્તાહ પારાયણ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૨/૦૯/૨૦૨૪ના શુભ દિને મોર્નિંગ કથાનો લાભ લીધા બાદ સવારે ૯:૦૦ કલાકે કુંડળધામ નિજ મંદિરેથી પોથીસ્વરૂપ શ્રીહરિજી મહારાજનું પૂજન કરી પૂ.ગુરુજી સાથે સૌ સંતો-ભક્તો પોથીયાત્રામાં જોડાઈ વાજતે-ગાજતે કથાસ્થળ ભજનહોલે પધાર્યા હતા. જ્યાં યજમાનશ્રીઓ દ્વારા વહાલા મહારાજ, પૂ.ગુરુજી, વક્તાશ્રીઓ અને પૂ.સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂ.ગુરુજી અને યજમાનશ્રીના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય થયું હતું. આ પ્રસંગે પૂ.ગુરુજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. પછી આરતી કરી કથાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પારાયણના વક્તા પૂ.ગુરુજીના શિષ્ય સાધુ પ્રસન્નવદનદાસજી સ્વામી તથા સાધુ આત્મીયસ્વરૂપદાસજી સ્વામીએ શ્રીહરિના ચરિત્રોથી સભર શ્રીભક્તચિંતામણિ ગ્રંથરાજ અંતર્ગત પરચા પ્રકરણની કલ્યાણકારી કથાનું સુમધુર શૈલીમાં સંગીતના સથવારે રસપાન કરાવી શ્રીહરિમાં સવિશેષ હેત-મહિમા વધારવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. તથા સંહિતાપાઠના વક્તા પૂ.સંતદાસજી સ્વામી તથા પૂ.શ્રીજીસ્વરૂપદાસજી સ્વામીએ શ્રીભક્તચિંતામણિ ગ્રંથરાજનું સંપૂર્ણ પારાયણ કર્યું હતું.

આ પારાયણ દરમ્યાન પૂ.ગુરુજીએ અવારનવાર પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. વળી, તા.૧૫/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ રવિસભાનો પણ વિશેષ લાભ આપ્યો હતો. જેમાં ભગવાન અને સત્પુરુષમાં સાચો પ્રેમ થાય તો ભગવાનને પામવાનો માર્ગ સરળ થઈ જાય; તે અંતર્ગત સદૃષ્ટાંત વાતો કરી હજારો હરિભક્તોનું આધ્યાત્મિક પોષણ કર્યું હતું.

તા.૧૮/૦૯/૨૦૨૪ના રોજ યજમાન પરિવારે પૂ.ગુરુજીના સેવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની રજતતુલાનો લાભ લીધો હતો. ત્યારબાદ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ.સંતોએ આશીર્વાદ આપ્યા હતા. તેમજ પૂ.ગુરુજીએ પણ યજમાન પરિવારને તથા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને અંતરના આશીર્વાદ આપી ધન્ય કર્યા હતા. આ પારાયણના યજમાનપદની સેવાનો લાભ લીંબડી નિવાસી પ.ભ.શ્રીકીરીટભાઈ બાબુલાલ સોની તથા પ.ભ.શ્રીમનીષભાઈ બાબુલાલ સોની (ભાલાણી) પરિવારજનોએ લીધો હતો.

## • જળઝીલણી ઉત્સવ-કુંડળધામ










ભાદરવા સુદ-૧૧ એટલે પરિવર્તિની એકાદશી, જળઝીલણી એકાદશી. પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૧૪/૦૯/૨૦૨૪ ને શનિવારના રોજ આ જળઝીલણી એકાદશીના પાવન પર્વે શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામમાં પવિત્ર ઉતાવળી નદીમાં જળઝીલણી ઉત્સવનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ગામોમાંથી આ ઉત્સવનો લાભ લેવા અનેક હરિભક્ત ભાઈઓ-બહેનો આવી પહોંચ્યાં હતાં. બપોરે ૨:૩૦ વાગ્યા આસપાસ સહુ સંતો-ભક્તો શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરના ચોકમાં એકત્ર થયા. રાજાધિરાજ ભગવાન શ્રીસ્વામિનારાયણને પાલખીમાં પધરાવવામાં આવ્યા. પૂ.ગુરુજીએ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ મહારાજના અભિષેક તથા નૌકાવિહાર માટે સૌ સંતો-ભક્તો મંદિરના ચોકથી વાજતે-ગાજતે ઉતાવળી ગંગાને આરે આવ્યા હતા.

પૂ.ગુરુજીએ વહાલા મહારાજને અને સેવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજને સુશોભિત નૌકામાં પધરાવી દૂધ, દહીં, મધ, સાકર, કેસરિયું જળ તેમજ પુષ્પ પાંખડીથી અભિષેક સાથે જળવિહાર કરાવ્યો હતો. આવી અભિષિક્ત મૂર્તિનાં આલૌકિક દર્શનનો લાભ લઈ તેમજ કેળાં, કાકડી અને સફરજનનો પ્રસાદ લઈ ઉતાવળી ગંગામાં સ્નાન કરી સૌ સંતો-ભક્તો ધન્ય બન્યા હતા.





# વડતાલધામ

પધારો... પધારો...



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ આયોજીત

૨૦૦ શ્રી લક્ષ્મીનારાયણ દેવ

વડતાલધામ સંવત ૧૮૮૧ સે ૨૦૮૧

## દ્વિશતાબ્દી મહોત્સવ 7 to 15 Nov. 2024

: Live On :
Vadtal Mandir સદ્વિધા

:: આયોજક ::

વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
ચેરમેનશ્રી પૂ.કો.શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી
મુ.કો.શ્રી.શા.સંતવલ્લભદાસજી સ્વામી

:: સ્થળ ::

શ્રી સ્વામિનારાયણ મંદિર,
વડતાલધામ
મો.નં. ૭૮૭૪૨ ૫૧૧૧૧/૬૧૧૧૧



: વક્તા :
પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: વક્તા :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

---



દિવ્ય લાભ...

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ આયોજિત

# શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩

કુંડલાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ૨૧મો પાટોત્સવ

: પ્રારંભ :
૩૦ ઓક્ટોબર, ૨૦૨૪
આસો વદ-૧૩(ધનતેરસ)

: પૂર્ણાહુતિ :
૦૬ નવેમ્બર, ૨૦૨૪
કારતક સુદ-૫(લાભપાંચમ)

સ્થળ : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ



પ્રેરક એવં વક્તા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ